પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૨) અંક નં. ૩૭ | ૧૮ એપ્રિલ, ૨૦૧૭, મંગળવાર ; ચૈત્ર વદ - ૭ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# વિકાસ અને કલ્યાણ માટે પ્રતિબદ્ધ : મોદી







## ન્યુઝ ટ્રેક

### સુબ્રતો રોયને 'સુપ્રિમ'નો ઝટકો


સહારાના પ્રમુખ સુબ્રતો રોયને



સુપ્રિમ કોર્ટે ઝાટકો આપ્યો છે. સુબ્રતો રોય ૧૩ એપ્રિલ સુધીમાં રૂ. ૫,૦૯૨ કરોડ સેબી પાસે જમા ન કરાવી શકયા હોવાથી સહારાની એમ્બીવેલીનું ઓકશન કરવાના આદેશ જાહેર કરી દીધા છે.

### પાકિસ્તાને ફરી કર્યુ યુદ્ધ વિરામનું ઉલ્લંઘન

પાકિસ્તાન આર્મીએ જમ્મુ-



કાશ્મીરના રાજૌરી જિલ્લામાં યુદ્ધ વિરામનુ ઉલ્લંઘન કર્યુ હતુ. એલઓસી પર પાકિસ્તાન આર્મી તરફથી ગોળીબારની શરૂઆત થઈ હતી અને ભારતે વળતો પ્રહાર પણ કર્યો હતો.

### ફોર્બ્સ એચિવરની યાદીમાં દીપા અને સાક્ષી સામેલ



ફોર્બ્સે એશિયાના સુપર ૩૦ એચીવર્સની જાહેર કરેલી યાદીમાં ૫૩ ભારતીયોનો સમાવેશ કર્યો છે. જેમાં જિન્માસ્ટ દીપા કરમાકર અને રિયો ઓલમ્પિકમાં બ્રોન્ઝ મેળવનાર રેસલર સાક્ષી મલિકનો સમાવેશ થાય છે.

### સાક્ષી તન્વર અલગ પ્રકારની ભૂમિકાઓ કરવા ઈચ્છે છે



સાક્ષી તન્વરે જણાવ્યુ છે કે તેને અલગ પ્રકારની ભૂમિકાઓ ભજવવી પસંદ છે. 'દંગલ'ની જેમ જ તે ચેલેન્જીંગ હોય તેવા પાત્રો ભજવવા ઈચ્છે છે.

## બાળકીને મળવા મોદીએ કાફલો રોકાવી દીધો

સુરત, તા.૧૭

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે ચાર વર્ષની એક બાળકીને મળવા માટે પોતાના કાફલાને રોકાવી દીધો હતો. આ બનાવ એ વખતે બન્યો હતો જ્યારે મોદી પોતાની બે દિવસની ગુજરાત યાત્રાના બીજા દિવસે પહોંચ્યા હતા. સુરત વિમાની મથકે તેઓ જઈ રહ્યા હતા ત્યારે મોટી સંખ્યામાં ચાહકો ઉપસ્થિત રહ્યા હતા. સ્પેશિયલ પ્રોટેકશનના સ્ટાફના લોકો બાળકીને લઈને મોદી પાસે પહોંચ્યા હતા. મોદી બાળકીને મળ્યા હતા અને તેની સાથે વાતચીત કરતા પણ નજરે પડ્યા હતા. આ નજારો જઈને મોદીના ચાહકોએ નારા લગાવ્યા હતા.

## શ્રેણીબદ્ધ જીવન રક્ષક દવાઓની કિંમત ઘટાડાઈ છે : આરોગ્યના ક્ષેત્રમાં સરકારની સિદ્ધિઓનો મોદીએ ઉલ્લેખ કર્યો : મોદી ગુજરાત યાત્રાના બીજા અને અંતિમ દિવસે શ્રેણીબદ્ધ કાર્યક્રમોમાં હાજર રહ્યા : સુપર સ્પેશિયાલિસ્ટ હોસ્પિટલનું લોકાર્પણ : સુરતના લોકોની પ્રશંસા

સુરત, તા.૧૭

વડાપ્રધાન નરેન્દ્ર મોદી ગુજરાત યાત્રાના બીજા દિવસે આજે જુદા જુદા કાર્યક્રમોમાં મોડી સાંજ સુધી વ્યસ્ત રહ્યા હતા. મોદીએ આજે બીજા દિવસે તેમના ભરચક કાર્યક્રમોની શરૂઆત સુરતના કતાર ગામમાં કિરણ મલ્ટીસ્પેશિયાલિટી હોસ્પિટલના ઉદઘાટન સાથે કરી હતી. હોસ્પિટલનું ઉદ્‌ઘાટન કર્યા બાદ મોદીએ આરોગ્યના ક્ષેત્રમાં સરકારની જુદી જુદી સિદ્ધિઓની પણ વાત કરી હતી. પોતાના સંબોધનમાં મોદીએ કહ્યું હતું કે તેમની સરકારે ૭૦૦ જેટલી દવાઓની કિંમતો નક્કી કરી છે. ભારત સરકારે હેલ્થ પોલિસી પણ જાહેર કરી છે. તમામની સારવાર થાય તેવો હેતુ રહેલો છે. દવા બનાવનાર કંપનીઓ

### સોમવારે નરેન્દ્ર મોદી કયા-કયા કાર્યક્રમમાં છવાયા

- નરેન્દ્ર મોદીએ સવારમાં ૫૦૦ કરોડના ખર્ચે તૈયાર કિરણ મલ્ટીસુપર સ્પેશિયાલિટી હોસ્પિટલનું લોકાર્પણ.
- હોસ્પિટલના લોકાર્પણ બાદ હરિકૃષ્ણ ડાયમંડ કંપની ઈચ્છાપુર ખાતે પહોંચ્યા જ્યાં હરિકૃષ્ણ એક્ષપોર્ટ યુનિટન પ્રારંભ કર્યો
- હરિકૃષ્ણ ડાયમંડ ખાતે પહોંચ્યા બાદ હેલિકોપ્ટરથી બાજીપુરા ખાતે પહોંચ્યા જ્યાં સુમુલ ડેરીના નવનિર્મિત પ્લાન્ટનું લોકાર્પણ
- સેલવાસ ખાતેના વિશિષ્ટ કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા
- સૌની યોજના લીંક-૨નું લોકાર્પણ બાદ બોટાદ ખાતે સભા

વાજપેયીની સરકાર બાદ ૧૫ વર્ષ પછી આ સરકાર હેલ્થ પોલિસી લઈને આવી છે. તેમણે ઉમેર્યુ હતું કે પહેલા મનમાની કિંમતો વસુલતી હતી. અમે નિયમ બનાવી ચુક્યા છીએ. ૭૦૦ જેટલી દવાઓની કિંમત નક્કી કરાઈ છે. અનેક જીવન રક્ષક દવાઓને વધુ સસ્તી કરી દેવાઈ છે. તેમણે ઉમેર્યુ હતું કે જે દવા પહેલા ૧૨૦૦ રૂપિયામાં મળતી હતી તે હવે ૭૦ રૂપિયામાં મળી રહી છે.

મોદીએ ઉમેર્યુ હતું કે આજે દરેક વ્યક્તિ હૃદયરોગને લઈને ચિંતિત રહે છે. સ્ટેન્ટની કિંમતને લઈને લોકો ચિંતિત હતા. બે મહિના પહેલા અમે નિર્ણય કરી ચુક્યા છીએ કે ૪૦ હજાર રૂપિયામાં સ્ટેન્ટ વેચાતા હતા તે હવે ૬૦૦૦માં વેચાય છે. દોઢ લાખના સ્ટેન્ટ ૨૦થી ૨૨ હજારમાં વેચાય.

● અનુસંધાન પાન-૭ પર

## કૃષ્ણસાગર અને ભીમડાદ જળાશયોમાં નર્મદાના નીર

### ભીમડાદ નર્મદા પાણીથી ભરાતા ૪૮૨૦ હેકટર જમીનને સિંચાઈનો લાભ મળશે : અસંખ્ય કુવાઓ રિચાર્જ કરાશે

અમદાવાદ, તા.૧૭

ગુજરાતભરમાં કાળઝાળ ગરમીનું મોજુ ફરી વળ્યું છે ત્યારે બોટાદમાં કૃષ્ણસાગર તળાવ અને ભીમડાદ જળાશયમાં નર્મદાના નીર પહોંચતા લોકોને રાહત થઈ છે. નર્મદાનો જળપ્રવાહ ભીમડાદ જળાશયમાં પહોંચતા ગ્રામજનોમાં ખુશીનું મોજુ ફરી વળ્યું હતું. આના કારણે અંદાજે ૪૮૨૦ હેક્ટર જમીનને સિંચાઈનો લાભ મળશે. ઉપરાંત આસપાસના અસંખ્ય કુવાઓ બોર રિચાર્જ થવાથી પાણીના તળ ઉચા આવતા સિંચાઈનો પરોક્ષ લાભ થશે. ભીમડાદ જળાશય ભરાવાથી ભીમડાદ, ધુફણિયા, ખાખોઈ, ઢાંકણિયા, દેરાળા, સારંગપુર, મેઘવઢિયા, ગોરડકા, અને ટાટમ ગામની જનતાને લાભ મળશે. આ તમામ ગામોમાં ખુશીનો સંચાર થયો છે. આ ગામોના માલધારીઓ કે જે સ્થળાંતર કરી ગયા હતા તે પાછા ફરવા લાગ્યા છે. ચૈત્ર મહિનાની આ કાળઝાળ ગરમીમાં નર્મદાના પાણી અહીં સુધી પહોંચશે તેવી ગ્રામજનોને કલ્પના નહોતી. ગ્રામજનોના કહેવા પ્રમાણે છેલ્લા છ વર્ષથી ભીમડાદ જળાશય ખાલી હતું, તે હવે જ્યારે

● અનુસંધાન પાન-૭ પર

## તમિલનાડુમાં રાજકીય કટોકટી

### શશીકલા જૂથના આગેવાનો બળવાના મૂડમાં : પન્નીરસેલ્વમ જૂથમાં સામેલ થાય તેવા સંકેત :પલાનીસ્વામી સરકારની સ્થિરતા સામે સંકટ સર્જાઈ શકે : શશીકલા ગ્રુપમાંથી અન્ય લીડરો અને પ્રધાનોમાં અસંતોષ

ચેન્નાઈ,તા. ૧૭

તમિલનાડુમાં અન્નાદ્રમુકના



લીડર જયલલિતાના અવસાન બાદથી પાર્ટીમાં કટોકટીનો દોર યથાવત રીતે જારી રહ્યો છે. બે ગ્રુપ આ પાર્ટીમાં પડી ગયા છે જે પૈકી એક ટીમ શશીકલાની સાથે છે જ્યારે બીજી ટીમ પન્નીરસેલ્વમની સાથે દેખાઈ રહી છે. પન્નીરસેલ્વમ કેમ્પમાં રહેલા સૂત્રોએ કહ્યું છે કે શશીકલા સાથે જોડાયેલા લોકો પન્નીરસેલ્વમ કેમ્પમાં આવી રહ્યા છે.

પન્નીરસેલ્વમે પત્રકારો સાથે વાતચીત કરતા કહ્યું છે કે અન્નાદ્રમુકના સ્થાપક એમજીની ભવ્ય ઉજવણી આગામી દિવસોમાં કરવામાં આવનાર છે. જે પ્રસંગે સેમીનાર, કવિતા, સાંસ્કૃતિક કાર્યક્રમ યોજવામાં આવશે. અન્નાદ્રમુકને લઈને વરિષ્ઠ પ્રધાનો અને નેતાઓ પન્નીરસેલ્વમ કેમ્પમાં આવી શકે છે. પન્નીરસેલ્વના વફાદારોને આશા છે કે હાલમાં જ આઈટીના દરોડા પડ્યા બાદ તથા શશીકલા કેમ્પમાં વિભાજન થયા બાદ વધુ લોકો પન્નીરસેલ્વમ કેમ્પમાં આવી શકે છે.

● અનુસંધાન પાન-૭ પર

## ત્રિપલ મર્ડરમાં શાહબુદીન આખરે નિર્દોષ જાહેર થયા

નવી દિલ્હી,તા. ૧૭

૨૮ વર્ષ જૂના ટ્રિપલ મર્ડર કેસમાં આરજેડીના નેતા અને પૂર્વ સાંસદ મોહંમદ શાહબુદીનને સ્થાનિક અદાલત તરફથી આજે મોટી રાહત મળી ગઈ હતી. સોમવારના દિવસે જમશેદપુરની કોર્ટે આ હત્યાકાંડમાં આરોપી શહાબુદીનને નિર્દોષ જાહેર કર્યા હતા. ૨૮ વર્ષ પહેલા કોંગ્રેસી નેતા પ્રદિપ મિશ્રા સહિત ત્રણ લોકોને ગોળી મારીને મારી નાખવામાં આવ્યા હતા. આ ઘટનામાં શાહબુદીનનું નામ એ શૂટર તરીકે આવ્યું હતું જે શખ્સે વિસ્તારના દબંગ સાહેબસિંહે રોક્યા હતા. તિહાર જેલમાં રહેલા શાહબુદીનની આ મામલામાં ત્રીજી એપ્રિલના દિવસે વીડિયો કોન્ફરન્સીંગ મારફતે હાજરી થઈ હતી. ૧૫ મિનિટની આ હાજરીમાં તેઓ એડીજે અજીતકુમારની કોર્ટની સામે ઉપસ્થિત રહ્યા હતા.







